# બ્રહ્મસમાજના માંડવે ધામધૂમથી સમૂહલગ્ન

## ૧૩ યુગલો લગ્નના તાંતણે બંધાણા : દીકરીઓને જરૂરી ચીજવસ્તુઓ સાથે સંપૂર્ણ કરિયાવર અપાયો







ગાંધીનગર, તા. ૨૪ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ચતુર્થ સમૂહલગ્નનું આયોજન સે. ૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ તેર યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. મહેંદી, સંગીત સંધ્યા, ગણેશ સ્થાપન, મંડપ મુહૂર્ત અને લગ્નની તમામ વિધિ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી.

બ્રહ્મસમાજ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી સમૂહ લગ્નોત્સવ તથા સમૂહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ સંસ્થા દ્વારા ચતુર્થ સમૂહ લગ્નોત્સવનું આયોજન તા. ૨૪ નવેમ્બરના રોજ કરવામાં આવ્યુ હતુ. જેમાં કુલ ૧૩ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. લગ્નના પહેલા દિવસે મહેંદી રસમ અને સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. દુલ્હનો તથા પરિવારજનોના હાથમાં સુંદર મહેંદી મુકવામાં આવી હતી. રાત્રે યોજાયેલ સંગીત સંધ્યામાં તલબખાન અને સાથી કલાકારોની કલા પ્રસ્તુતિ અને ત્યારબાદ રાસ-ગરબા યોજાયા હતા. જેમાં સમાજના તથા વર-કન્યાના પરિવારજનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ સમૂહલગ્ન પ્રસંગે સવારથી જ ગણેશ સ્થાપન, મંડપ મુહૂર્ત, વરઘોડો તથા હસ્તમેળાપની દરેક બાદ નવ પરિણીતને આશીર્વાદ આપવા મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા. જેમાં ગોંડલ ભુવનેશ્વર પીઠથી પૂજ્ય ઘનશ્યામજી મહારાજ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, ધારાસભ્ય સી.જે. ચાવડા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, નિશીતભાઈ દવે, મહેન્દ્રભાઈ દાસ, જીગીશભાઈ દવે, અનીલભાઈ શુકલ, ધારિણીબેન શુકલ, કૃણાલ વ્યાસ, નિતીનભાઈ ત્રિવેદી, વિક્રાંતભાઈ પૂરોહિત, મિલિન્દભાઈ પૂરોહિત,



પિયુષભાઈ દવે, પ્રવીણાબેન વોરા, હિરલબેન જોષી, વર્ષાબેન શુકલ, બરખા શાહ, મિલાબેન શુકલ, રાકેશભાઈ જાની, અરૂણ જોષી, ગિરીશ રાવલ, બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ શૈલેષ પંડ્યા, હસમુખભાઈ ઠાકર, પંકજ શુકલ, કનૈયાલાલ પંડ્યા, હિતેશ રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમૂહ લગ્નોત્સવ પ્રસંગે જીગીશ દવે દ્વારા ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા થતી પ્રવૃત્તિ અને સાહસને બિરદાવાયુ હતુ. આશિષ દવેએ સમૂહ લગ્ન આયોજન કરનાર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. રીટાબેન પટેલ દ્વારા સમૂહલગ્નની પ્રથાને બિરદાવવામાં આવી હતી. નિશીતભાઈ વ્યાસે માતા-પિતાની વેદનાનો નિકાલ કરવાનો વિચાર કર્યા બદલ સંસ્થાને બિરદાવી હતી. કૃષ્ણકાન્ત જહા દ્વારા આ સમાજ દ્વારા સામાજિક ક્રાંતિ તરફ કરાવેલા આયોજન બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તથા આચાર્ય ઘનશ્યામજી મહારાજ દ્વારા નવ દંપતિ તથા ઉપસ્થિત સર્વેને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા અને આભારવિધિ મહામંત્રી નરેશભાઈ દવે દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ખજાનચી નરેન્દ્રભાઈ વ્યાસ અને ટીમ યુવા પરિવાર પ્રમુખ જયશ્રીબેન ખેતિયા અને ટીમ મહિલા પાંખના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ અને ટીમ કારોબારી સભ્યો તથા સ્વયંસેવકો તથા સમૂહલગ્ન પ્રસંગના દાતાઓનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

## ફર્નીચરના વેપારી સામે ગ્રાહકે છેતરપિંડી વિશ્વાસઘાતની ફરીયાદ

સરગાસણ વિસ્તારમાં આવેલ હરીઓમ ફર્નીચરના વેપારીએ ગ્રાહકના ઘરેથી રૂ.૫૦ હજારનું જુનુ ફર્નીચર લીધુ હતુ. તે ઉપરાંત રૂ.૪૦ હજાર સોફા રીપેરીંગના રોકડા અને તે ઉપરાંત ગ્રાહકે સોફાનું રૂ.૨૫ હજારનું કાપડ લઈ આપ્યું હતું. આમ ગ્રાહકના રૂપીયાથી જ સોફા રીપેરીંગ થઈ ગયા છતા પણ વેપારીએ ગ્રાહકને આજદિન સુધી પરત આપ્યા નથી. જયારે ગ્રાહકે વેપારી સમક્ષ ફર્નીચરની માંગ કરી તો પૈસા કે ફર્નીચર કશુ મળશે નહી, તેમ કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ગ્રાહકે છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાઈ છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ બંગ્લોઝ નં.૪૩ ખાતે રહેતા ૪૧ વર્ષિય મૈથીલી ધનવીન મહેતા અમદાવાદ ખાતે સરકારી વકીલ છે. ફરીયાદીના મકાનનું ફર્નીચરનું રીપેરીંગ કરાવવાનું હતું અને નવીન ફર્નીચર ખરીદી કરવાનું હતું. જેથી એક ઓળખીતા પાસેથી હરીઓમ ફર્નીચર નવા જુના ફર્નીચર રીપેરીંગ તેમજ લે-વેચનો વેપાર ચિરાગ પટેલ કરે છે. જેમની દુકાન એ-૧૨ શરણ રેસીડન્સી પ્રમુખ નગર પાસે સરગાસણ ખાતે આવેલી છે. ફરીયાદીએ ફર્નીચર માટે વેપારીનો સંપર્ક કરતા તે જોઈ ગયા હતા અને રૂ.૪૦ હજાર જેટલો ખર્ચ થશે અને નવા કાપડનો ખર્ચ અલગથી થશે તેમ જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ તાત્કાલીક રૂ.૪૦ હજાર વેપારીને રીપેરીંગ માટે આપી દીધા હતા. તે ઉપરાંત કાપડ અમારી પસંદગીનું લાવીશુ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ચિરાગભાઈ પાંચ સીટવાળો, બે સીટવાળો, એક સીટવાળો, લાકડાનું સ્ટુલ, રીવોલ્વીંગ ચેર, મંદિરની સોફા ખુરશી નંગ-૨, એક સીટવાળો સોફા સહિતનું ખર્નીચર તા.૧-૫-૧૯ ના રોજ લઈ ગયા હતા. ત્યારબાદ ફરિયાદીએ રૂ.૨૫ હજારનું કાપડ પણ પસંદગીનું આપ્યું હતું. ત્યારબાદ એક માસ જેટલા સમય બાદ ફર્નીચરની માંગ કરતા વેપારીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું અને ફર્નીચર કે પૈસા કંઈ પાછુ મળવાનુ નથી, હવે પછી ફોન કરતા નહી નહી તો જીવતા નહી છોડુ, પૈસા અને ફર્નીચર ભુલી જજો, કહીને ફોન કટ કરી દીધો હતો. વેપારીએ ફરીયાદી પાસેથી રૂ.૪૦ હજાર રોકડા રૂ.૨૫ હજારનું કાપડ અને રૂ.૫૦ હજારનું જુનુ ફર્નીચર લઈ જઈને રીપેંરીગ કરી આપવનો વિશ્વાસ આપી આજદીન સુધી પરત ના આપતા ફરીયાદીએ સે-૨૧ પોલીસ મથકે હરીઓમ ફર્નીચરના વેપારી ચિરાગ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૨૫ હોસ્ટેલમાં આશાસ્પદ યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૨૪ ગાંધીનગર શહેર કર્મચારી નગરીમાંથી શિક્ષણ નગરી તરીકે ઉભરી આવ્યું છે. શહેરમાં હજ્જારો વિદ્યાર્થીઓ વિવિધ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. કેટલાક માતા-પિતા સાથે તો અન્ય વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસી પ્રવૃતિ કરી રહ્યા છે. ત્યારે શહેરની ખાનગી શાળામાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો અને સેકટર-૨૫ ની ખાનગી હોસ્ટેલમાં રહેતા આશાસ્પદ યુવાને અચાનક ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર સેકટરમાં હાહાકાર મચી જવા પામી હતી. જયારે બનાવની જાણ યુવાનના પરિવાર થતા તેમના પર આભ તુટી પડ્યું હતું. આશાસ્પદ યુવાનનો મૃતદેહ હોસ્ટેલના રૂમમાંથી મળી આવ્યો હતો. જયારે યુવાને કયાં કારણો સર આપઘાત કર્યો તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.

ગાંધીનગર શહેરની સેકટર-૨૫ સમર્પણ હોસ્ટેલમાં રહીને ખાનગી શાળામાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ધ્રુવરાજસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા (ઉં.વ.૧૭) લીંબડી તાલુકાના

● અનુસંધાન પાના - ૭ પર

## બાલ ઠાકરેની પાર્ટી શિવસેનાનો ઈતિહાસ રોમાંચ સભર છે, ત્રીજી પેઢી રાજનીતિમાં

શિવસેના એટલે કે શિવાજીની સેના. મરાઠી પ્રાદેશિક અને હિન્દુ રાષ્ટ્રવાદી રાજકીય સંગઠન છે. રાજકીય કાર્ટુનિસ્ટ બાલ ઠાકરે એ ૧૯મી જૂન ૧૯૬૬ના રોજ શિવસેનાની સ્થાપના કરી હતી. આ પક્ષ મૂળ બોમ્બેના એક આંદોલનમાંથી ઉભર્યો હતો. જે શહેરમાં સ્થળાંતર કરતા મહારાષ્ટ્રીય લોકો માટે અધિકારની માંગણી કરતો હતો. હાલમાં તેના અધ્યક્ષ બાલ ઠાકરેના પુત્ર ઉદ્ધવ ઠાકરે છે. પાર્ટીનો પ્રાથમિક આધાર હજી મહારાષ્ટ્રમાં છે પરંતુ તેણે સંપૂર્ણ ભારત સુધી વિસ્તરણ કરવાનો પ્રયાસ કર્યો છે. ૧૯૭૦ના દાયકામાં તે ધીરે ધીરે મરાઠી વિચારધારાની હિમાયત કરવાને બદલે એક વ્યાપક હિન્દુ રાષ્ટ્રવાદી એજન્ડાને સમર્થન આપવા તરફ પ્રયાણ કર્યુ છે. શિવસેનાનું ચૂંટણી ચિન્હ ધનુષ-બાણ છે પરંતુ તેનું પ્રતિક વાઘ છે. શિવસેનાના ગઠન સમયે બાળાસાહેબ ઠાકરેએ ‘‘અંશી ટકે સમાજકરણ, વીસ ટકે રાજકરણ’’નો નારો આપ્યો હતો. એટલે કે ‘‘૮૦ ટકા સમાજ અને ૨૦ ટકા રાજનીતિ’’નો આ નારો હતો.

**દાદા બાલ ઠાકરે કાર્ટુનિસ્ટ, પિતા ઉદ્ધવ ઠાકરે ફોટોગ્રાફર અને પુત્ર આદિત્ય કવિ**

**મરાઠી માટે લડતી પાર્ટીનું હિન્દુત્વ તરફ પ્રયાણ...**

મુંબઈમાં ગુજરાતીઓ ઉદ્યોગ અને ધંધા પર રાજ કરતા હતા કારણ કે તે સમયે મહારાષ્ટ્ર અને ગુજરાત એક હતું. દક્ષિણ ગુજરાતના લોકો મજૂરી કામ કરતા હતા જેને કારણે મરાઠી લોકોમાં અસંતોષ હતો. બાલ ઠાકરેએ શરૂઆતથી જ આ અસંતોષનો ફાયદો ઉઠાવી પોતાના માર્મિક નામના સામયિકમાં પ્રહારો કર્યા અને શિવસેનાની સ્થાપના કરી હતી. સ્થાનિકો અને ગુજરાતી તેમજ દક્ષિણ ભારતીયો વિરૂદ્ધ ભડકાવી હુમલા કરાવ્યા. બેરોજગાર મરાઠીઓ બાલ ઠાકરેના આવા વિચારોથી શિવસેના સાથે જોડાયા હતા. દક્ષિણ ભારતીય હોટલોમાં તોડફોડ કરી મરાઠીઓને નોકરી અપાવવા દબાણ કરવા લાગ્યા હતા. ૧૯૭૦ના દસકામાં આ અભિયાન નિષ્ફળ જતાં ભાજપ સાથે ગઠબંધન કર્યું અને હિન્દુત્વનો રાગ આલાપવો શરૂ કર્યો હતો.

**ભાજપ સાથે કભી હાં, કભી ના જેવી સ્થિતિ...**

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં શિવસેનાએ શરૂઆતથી ભાગ લેવાનું શરૂ કર્યું હતું. ૧૯૮૯માં તેણે લોકસભા તેમજ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ માટે ભાજપ સાથે જોડાણ કર્યું હતું પરંતુ ઓક્ટોબર ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણીમાં અસ્થાયી ધોરણે તૂટી ગયું હતું. મહાગઠબંધનમાં ઝડપથી સુધારો થયો અને શિવસેના ડિસેમ્બર ૨૦૧૪માં મહારાષ્ટ્રમાં ભાજપ સરકારનો ભાગ બની હતી. ૧૯૮૯થી રાષ્ટ્રીય લોકતાંત્રિક જોડાણ (એનડીએ)માં તે ભાગીદાર રહી છે જેમાં ૧૯૮૮ થી ૨૦૦૪ દરમ્યાન અટલ બિહારી વાજપેયી સરકાર અને હાલની નરેન્દ્ર મોદીની સરકારનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૦૧૯ની ચૂંટણી પછી મુખ્યમંત્રીના મુદ્દે શિવસેનાએ ભાજપ સાથે છેડો ફાડી નાંખ્યો છે અને તે અત્યારે એનડીએમાંથી બહાર છે. શિવસેનાએ મુખ્યમંત્રી પદ લેવા માટે એનસીપી અને કોંગ્રેસનો સહારો લીધો છે.

**બોલીવુડમાં શિવસેનાની મજબૂત પક્કડ છે...**

બોલીવુડ ફિલ્મ ઉદ્યોગ ઉપર શિવસેનાની પક્કડ છે. ઠાકરે પરિવાર સાથે ફિલ્મ કલાકારોના ઘનિષ્ઠ સબંધ રહ્યાં છે. શિવસેનાને ઉગ્રવાદી, અંધરાષ્ટ્રવાદી તેમજ ફાસીવાદી પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. શિવસેનાને ભિવંડીમાં ૧૯૭૦ના કોમી તોફાનો, ૧૯૮૪માં ભિવંડીના કોમી હુલ્લડ અને ૧૯૯૨-૯૩ના બોમ્બેના રમખાણોમાં થયેલી હિંસા માટે જવાબદાર ઠેરવવામાં આવી છે. આ પાર્ટી મહારાષ્ટ્રના મરાઠા અને કુંબી સમુદાયોનું સમર્થન ધરાવે છે. બાલકડૂ એ ૨૦૧૫માં આવેલી મરાઠી ફિલ્મ છે જેમાં શિવસેનાના પ્રમુખ બાલ ઠાકરેના જીવન અને તેમના આદર્શથી પ્રેરિત છે. આ ફિલ્મમાં બાલ ઠાકરેનો અવાજ કેદ કરવામાં આવ્યો છે. કહેવાય છે કે અમિતાભ બચ્ચન અભિનિત સરકાર ફિલ્મ રિલીઝ થઈ તે પહેલાં તેને બાલઠાકરે એ જોયા પછી તેને મંજૂરી આપવામાં આવી હતી.

**મહારાષ્ટ્રમાં શિવસેનાની રાજકીય સફર...**

શિવસેનાએ ૨૦૦૯ની લોકસભામાં ૧૧ અને ૨૦૧૪ની લોકસભામાં ૧૮ બેઠકો મેળવી હતી. તેણે ૨૦૧૯માં ૧૮ સીટો મેળવી છે. શિવસેનાને મહારાષ્ટ્રમાં ૧.૨૪ કરોડ મત મળ્યા છે. ૧૯૯૯ની વિધાનસભાની ચૂંટણીમાં શિવસેનાને ૬૯, ૨૦૦૪માં ૬૨, ૨૦૦૯માં ૪૫, ૨૦૧૪માં ૬૩ અને ૨૦૧૯માં ૫૬ બેઠકો મળી છે. શિવસેના તરફથી મનોહર જોષી અને નારાયણ રાણે મુખ્યમંત્રી બન્યાં છે. શિવસેનાના અનંત ગીતે એક વખત વાજપેયી સરકારમાં અને એક વખત નરેન્દ્ર મોદી સરકારમાં તેમજ અરવિંદ સાવંત એક વખત મોદી સરકારમાં કેબિનેટ મંત્રી બન્યાં છે.




**શિવસેનાએ ત્રણ વાર કોંગ્રેસને અને બે વાર મુસ્લિમ લીગ સાથે ગઠબંધન કર્યુ છે**

શિવસેનાએ પહેલી ચૂંટણી ૧૯૭૧માં લડી હતી પરંતુ તેને સફળતા મળી ન હતી. ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં પહેલીવાર શિવસેનાનો સંસદ ચૂંટાયો હતો. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી શિવસેનાએ પહેલીવાર ૧૯૯૦માં લડી હતી જેમાં તેના ૫૨ ઉમેદવારો ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પાર્ટી પાસે લોકસભામાં ૧૮ સાંસદ અને રાજ્યસભામાં ત્રણ સાંસદ છે. મુંબઈ મહાનગરપાલિકા પર શિવસેનાનો લાંબા સમયથી કબજો છે.

**પ્રમોદ મહાજનના કારણે ભાજપ સાથે દોસ્તી...**

કહેવાય છે કે શિવસેના અને ભાજપ વચ્ચેના ગઠબંધનમાં ભાજપના પ્રમોદ મહાજનનો મોટો ફાળો છે. ૧૯૮૯માં ગઠબંધન થયા પછી ૧૯૯૧માં બન્ને પાર્ટીઓ વચ્ચે ખટરાગ શરૂ થયો હતો જે મુંબઈ મહાનગરની ચૂંટણીમાં સપાટી પર આવ્યો હતો. સીટોની વહેંચણીના મુદ્દે શિવસેનાએ ગઠબંધન તોડી નાંખ્યું હતું, ત્યારબાદ છગન ભૂજબળે શિવસેના છોડતાં બાળાસાહેબ ઠાકરેની નારાજગી સામે આવી હતી. ૧૯૯૫માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી. બીજા નંબરે શિવસેના અને ત્રીજાસ્થાને ભાજપ હતું. જો કે ત્યારપછી ભાજપ અને શિવસેનાએ ભેગા મળીને સરકાર બનાવી હતી. ૧૯૯૯ પછી મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપ વિપક્ષમાં રહ્યાં હતા. ૨૦૧૨માં શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેનું અવસાન થયું અને ૨૦૧૪માં ભાજપ અને શિવસેનાએ અલગ અલગ ચૂંટણી લડી હતી. ૨૦૧૮માં ઉદ્ધવ ઠાકરેએ ભાજપ સાથે ગઠબંધન નહીં કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ લોકસભા ચૂંટણી પહેલાં ફેબ્રુઆરી ૨૦૧૯માં બન્ને દળોએ સરખે હિસ્સે બેઠકો વહેંચી લેતાં ગઠબંધન થયું હતું જે આજે તૂટી ગયું છે.



**કોંગ્રેસ અને મુસ્લિમ લીગ સાથે ગઠબંધન...**

શિવસેનાનો રાજકીય ઈતિહાસ છે કે તેણે ૧૯૭૧માં કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યું હતું. ૧૯૭૫માં જયારે તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ઈમરજન્સી જાહેર કરી ત્યારે બાલ ઠાકરેએ તેને ઉચિત ઠેરવ્યું હતું. શિવસેનાએ ૧૯૭૭ની ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપ્યું હતું ત્યારબાદ ૧૯૮૦માં પણ શિવસેનાએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપ્યું હતું, જો કે તેનું કારણ કોંગ્રેસના એઆર અંતુલે અને બાલ ઠાકરે વચ્ચેના ઘનિષ્ઠ સબંધ હતા. શિવસેનાએ મુસ્લિમ લીગ સાથે પણ ૧૯૮૯માં ગઠબંધન કર્યું હતું. એ સમયે બાલ ઠાકરે અને મુસ્લિમ નેતા ગુલામ મહોમ્મદ બનાતવાલા સ્ટેજ પર એક સાથે રહ્યાં હતા. શિવસેનાએ ૧૯૭૦માં મેયર બનવા માટે મુસ્લિમ લીગ સાથે ગઠબંધન કરી મદદ મેળવી હતી.

**ગુજરાતમાં સિંહોની વસતી છે તેથી રાજ્યમાં પોલિટીકલ વાઘનું અસ્તિત્વ નથી**

**જ્યાં સિંહ હોય ત્યાં વાઘ રહી શકે નહીં...**

એવું કહેવાય છે કે જંગલનો રાજા સિંહ હોય ત્યાં બીજો રાજા વાઘ રહી શકે નહીં, એટલે કે ગુજરાતમાં સિંહોની વચ્ચે વાઘનો સિમ્બોલ ધરાવતી પાર્ટી શિવસેના રહી શકતી નથી. મહારાષ્ટ્રની પ્રાદેશિક પાર્ટી શિવસેનાનું અસ્તિત્વ ગુજરાતમાં ૧૯૯૦થી છે અને ૨૦૦૭ અને ત્યાર પછીની વિધાનસભાની ચૂંટણીમાં તે ઉમેદવાર ઉભા રાખે છે પરંતુ એકપણ ઉમેદવાર વિજયી થતો નથી. શિવસેનાને ચૂંટણીમાં હાર મળે છે તેનું કારણ ગુજરાતમાં સિંહોની વસતી વધારે છે તેથી વાઘને સ્થાન નથી. આમ પણ ગુજરાતમાં વાઘનું અસ્તિત્વ નથી. ૧૯૮૨માં એક વાઘ દેખાયા પછી ક્યારેય ગુજરાતના જંગલોમાં વાઘ દેખાયો નથી. ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ પૈકી શિવસેનાએ ૩૮ ઉમેદવારોને ટિકીટ આપી હતી જેમણે ૫૨૯૩૩ મતો મેળવ્યા હતા. એવી જ રીતે ૨૦૧૭ની છેલ્લી ચૂંટણીમાં શિવસેનાએ ૪૨ ઉમેદવારો ઉભા રાખ્યા હતા જેમને માત્ર ૩૩૮૯૩ મતો મળ્યા હતા. ગુજરાતમાં મરાઠીઓની વસતી હોવા છતાં વિધાનસભામાં એકપણ ઉમેદવાર દાખલ થઈ શક્યો નથી.

**કાર્ટુનિસ્ટ થી રાજકીય સફરની શરૂઆત...**

બાલ ઠાકરેને લોકો પ્રેમથી બાળાસાહેબ ઠાકરે અને હિન્દુ હૃદય સમ્રાટ કહેતા હતા. તેમનો જન્મ ૨૩મી જાન્યુઆરી ૧૯૨૬માં થયો હતો અને તેમનું અવસાન ૧૭મી નવેમ્બર ૨૦૧૨માં થયું હતું. તેમણે મરાઠીમાં સામના નામનું અખબાર શરૂ કર્યું હતું. તેઓ પહેલાં અંગ્રેજી અખબારો માટે કાર્ટુન બનાવતા હતા, ત્યારબાદ તેમણે ૧૯૬૦માં માર્મિક નામનું સ્વતંત્ર સાપ્તાહિક પ્રસિદ્ધ કર્યું હતું. સામના પછી તેમણે હિન્દીમાં દોપહર કા સામના નામનું અખબાર શરૂ કર્યું હતું. વિવાદાસ્પદ નિવેદનોને કારણે સામના અખબાર હંમેશા વિવાદમાં રહ્યું છે. ૨૦૦૫માં બાલ ઠાકરેએ તેમના પુત્ર ઉદ્ધવને વધારે મહત્વ આપતાં નારાજ થયેલા તેમના ભત્રિજા રાજ ઠાકરેએ શિવસેના છોડી દીધી હતી અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના બનાવી હતી.

**ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય કવિ જીવ છે...**

આદિત્ય ઠાકરેનો જન્મ ૧૩મી જૂન ૧૯૯૦માં થયો છે. શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનો પુત્ર છે અને ઠાકરે પરિવારની ત્રીજી પેઢી છે. પાર્ટીની યુવા શાખા યુવા સેનાના તેઓ પ્રમુખ છે. આ સેનાની સ્થાપના ૧૭મી ઓક્ટોબર ૨૦૧૦માં થઈ હતી. આદિત્ય એક કવિ પણ છે. બોમ્બે સ્કોટીશ સ્કૂલમાં અભ્યાસ દરમ્યાન તેમનો અંગ્રેજીમાં કવિતા સંગ્રહ માઈ થોટ ઈન બ્લેક એન્ડ વ્હાઈટ પ્રકાશિત થયો છે. બાલ ઠાકરે કાર્ટુનિસ્ટ હતા. ઉદ્ધવ ઠાકરે ફોટોગ્રાફર છે અને પુત્ર સાહિત્યનો શોખિન અને કવિ જીવ છે. આદિત્યનો કાવ્ય સંગ્રહ હિન્દી અને મરાઠીમાં છપાયો છે. એ ઉપરાંત તમણે લખેલા ગીતોનો આલ્બમ ઉમ્મીદ લોંચ થયો છે. આ ગીતોને કૈલાસ ખેર, સુરેશ વાડેકર, શંકર મહાદેવન અને સુનિધિ ચૌહાણે ગાયા છે. આદિત્ય રાજનીતિમાં આવશે તેવો સંકેત ૨૦૦૮માં ઉદ્ધવ ઠાકરેએ આપ્યો હતો. ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં આદિત્યએ મુંબઈની વરલીની બેઠક પરથી ૭૦ હજાર મતોની સરસાઈ સાથે જીત મેળવી છે.

**મહારાષ્ટ્રની ચૂંટણી અને મુખ્યમંત્રી પદ...**

૨૪મી ઓક્ટોબરે આવેલા મહારાષ્ટ્ર વિધાનસભાના પરિણામમાં ભાજપને ૧૦૫ બેઠકો, શિવસેનાને ૫૬ બેઠકો, એનસીપીને ૫૪ બેઠકો અને કોંગ્રેસને ૪૪ બેઠકો મળી હતી. એવું અનુમાન હતું કે ભાજપ અને શિવસેના ભેગા મળીને સરકાર બનાવશે પરંતુ ઉદ્ધવ ઠાકરેએ સમાધાનની ફોર્મુલા જાહેર કરી એવું કહ્યું કે ભાજપના નેતાઓએ કહ્યું છે કે સરકારમાં ૫૦ ટકાનો અધિકાર શિવસેનાને મળશે તેથી અમે અઢી વર્ષ સુધી મુખ્યમંત્રીના હક્કદાર છીએ. જો કે ભાજપે ઉદ્ધવ ઠાકરેની વાત માની નહીં અને કહ્યું કે મુખ્યમંત્રી તો ભાજપમાંથી જ થશે અને તે દેવેન્દ્ર ફડનવિસ રહેશે. અંતે બન્ને પાર્ટીઓ ગઠબંધનથી અલગ થઈ છે. આખરે ઉદ્ધવ ઠાકરે એ ભાજપને રામ-રામ કર્યા છે. ઉદ્ધવ ઠાકરે માને છે કે—‘‘મારા પિતાજીનું સ્વપ્ન હતું કે એક દિવસ ઠાકરે પરિવારનો સભ્ય મહારાષ્ટ્ર રાજ્યનું પ્રતિનિધિત્વ કરે.’’ આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં આ સ્વપ્ન પૂર્ણ થાય તેમ હતું પરંતુ ભાજપે મુખ્યમંત્રી પદ શિવસેનાને આપવાનો ઈન્કાર કરતાં ઉદ્ધવ ઠાકરેએ એનસીપી અને કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી પદ મેળવવાનું નક્કી કર્યુ હતુ પરંતુ ભાજપની પોલિટીકલ સ્ટ્રાઈકના કારણે ઉદ્ધવ ઠાકરેનું મુખ્યમંત્રી બનવાનું સપનું રોળાયું છે. જો કે શિવસેના એ એનસીપી અને કોંગ્રેસનો સાથ લઈને તેના મરણિયા પ્રયાસ ચાલુ રાખ્યા છે.